પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૩૨૩ — ૩ ફેબ્રુઆરી, ૨૦૧૮, શનિવાર ; મહા વદ - ૩ — પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## ન્યુઝ ટ્રેક

### ૨૦૨૨ સુધી ખેડૂતોની આવક બમણી કરવી અશક્ય : મનમોહનસિંહ



સામાન્ય બજેટમાં રાહત આપવા છતાં ૨૦૨૨ સુધી ખેડૂતોની આવક બમણી થઈ શકે નહી તેવુ નિવેદન પૂર્વ પ્રધાનમંત્રી અને જાણીતા અર્થશાસ્ત્રી મનમોહનસિંહે આપ્યુ છે.

### ઉત્તરપ્રદેશમાં પોલીસ અધિકારીઓની સાગમટે બદલી

ઉત્તરપ્રદેશમાં ૨૬ આઈપીએસ અધિકારીઓની સાગમટે બદલી કરવામાં આવી છે. લખનઉના એડીજી તરીકે રાજીવ ક્રિષ્નાને નિમણૂંક અપાઈ છે.

### એર ઈન્ડિયાનુ ખાનગીકરણ વર્ષના અંત સુધી

ડિસેમ્બર-૨૦૧૮ સુધીમાં એર ઈન્ડિયાનું સંપૂર્ણ ખાનગીકરણ થઈ જશે તેમ જયંતિસિંહાએ જણાવ્યુ છે.

### લીબીયામાં બોટ ડુબતા ૯૦નો મોત

લીબીયાના સમુદ્રી વિસ્તારમાં શરણાર્થીઓને લઈ જઈ રહેલી એક બોટ ડૂબી ગઈ છે. આ ઘટનામાં ૯૦ના મોતની આશંકા વ્યક્ત કરાઈ છે.

# સેંસેક્સમાં ૮૪૦ પોઈન્ટનો વિક્રમી કડાકો

## રોકાણકારોએ એક જ દિવસમાં પાંચ લાખ કરોડ રૂપિયા ગુમાવ્યા

મુંબઈ, તા. ૨

શેરબજાર આજે પત્તાના મહેલની જેમ ધરાશાયી થયું હતું. નાણામંત્રી અરુણ જેટલી દ્વારા રજૂ કરવામાં આવેલા સામાન્ય બજેટને લઈને બજારમાં ખુશી જોવા મળી રહી નથી. જુદા જુદા પરિબળોની અસર હેઠળ આજે સેંસેક્સ કારોબારના અંતે ૮૪૦ પોઈન્ટ ઘટીને ૩૫૦૬૬ની સપાટીએ રહ્યો હતો જ્યારે નિફ્ટી ૨૫૬ પોઈન્ટ ઘટીને ૧૦૭૬૦ની સપાટીએ રહ્યો હતો. શેરબજારમાં આજે મચી રહેલા કોહરામ માટે અનેક પરિબળો જવાબદાર રહેતા નિરાશાનું મોજુ ફરી વળ્યું હતું. શેરબજારમાં કારોબારીઓએ આજે પાંચ લાખ કરોડ ગુમાવ દીધા હતા. તીવ્ર વેચવાલીનું મોજુ રહ્યું હતું. બીએસઈમાં તમામ લિસ્ટેડ કંપનીઓની સંયુક્ત માર્કેટ મૂડીમાં ૪.૭ લાખ કરોડનો ઘટાડો થતાં તેની સંપત્તિ ૧૪૮.૪ લાખ કરોડ થઈ હતી. સતત રેકોર્ડ બનાવી રહેલા શેરબજાર ઉપર આજે બજેટની અસર જોવા મળી હતી. બ્લેક ફ્રાઈડે હેઠળ બજાર તુટ્યા હતા. આજે કારોબાર શરૂ થતાની સાથે જ ૫૦૦ પોઈન્ટનો કડાકો બોલી ગયો હતો. બપોરે ૧૨ વાગ્યાની આસપાસ ૫૫૦ પોઈન્ટનો કડાકો હતો. નિફ્ટીમાં પણ આવી જ સ્થિતિ રહી હતી. બીએસઈના મિડકેપ ઈન્ડેક્સ ચાર ટકા ઘટને ૧૬૫૭૫ની સપાટીએ રહ્યો હતો જ્યારે નિફ્ટીના મિડકેપ ઈન્ડેક્સમાં ૪.૩ ટકાનો ઘટાડો રહેતા તેની સપાટી ૧૯૭૬૦ રહી હતી. બીએસઈના સ્મોલકેપ ઈન્ડેક્સમાં ૪.૭ ટકાનો ઘટાડો રહેતા તેની સપાટી ૧૭૮૫૦ રહી હતી. નિફ્ટીના સ્મોલકેપ ઈન્ડેક્સમાં ૬ ટકાનો ઘટાડો રહેતા તેની સપાટી ૮૨૫૧ રહી હતી.

**બીએસઈમાં લિસ્ટેડ તમામ કંપનીઓની સંયુક્ત માર્કેટ મૂડી ઘટીને ૧૪૮.૪ લાખ કરોડ : અનેક શેરોમાં તીવ્ર વેચવાલીથી બજારમાં ફેલાયેલો ખળભળાટ**

## બજાર કડડભુસ

શુક્રવારના દિવસે કારોબારી સત્ર દરમિયાન બીએચઈએલ, બજાજ ફાયનાન્સ, તાતા પાવર, બજાજ ઓટો, અલ્ટ્રાટેક સિમેન્ટ, ભારતી એરટેલ, એક્સિસ બેંક, મારુતિ સુઝુકીમાં ૭-૪.૫ ટકા સુધીનો ઘટાડો રહ્યો હતો. જો કે, ટેક મહિન્દ્રા એચસીએલ અને ટીસીએમમાં ૧.૪-૦.૫ ટકાનો વધારો રહ્યો હતો. મિડકેપ શેરોમાં અદાણી પાવર, રિલાયન્સ કેપિટલ, રિલાયન્સ કોમ્યુનિકેશન, એમઆરપીએલ અને રિલાયન્સ ઈન્ફ્રામાં ૧૧.૨-૮.૭ ટકાનો ઘટાડો રહ્યો હતો. મિડકેપ શેરોમાં નજીવો સુધારો રહ્યો હતો. સ્મોલકેપ શેરમાં પીસી જ્વેલર્સ, સોરિન ઈન્ફ્રા, બોંબે ડાઈંગ, જિંદાલ શો, ઈન્ડિયા ગ્લાઈકોલ્સમાં ૨૪.૫-૧૨ ટકાનો ઘટાડો રહ્યો હતો. બજેટમાં મિડલ ક્લાસ અને પગારદાર વર્ગ માટે કોઈ મોટી જાહેરાત કરવામાં ન આવતા આને લઈને મંદીનું મોજુ ફરી વળ્યું હતું. ગઈકાલે ગુરૂવારના દિવસે કારોબારના અંતે સેંસેક્સ ૫૮ પોઈન્ટ ઘટીને ૩૫૯૦૭ની

● અનુસંધાન પાન-૭ પર

## બજારમાં કોહરામ...

### મિડકેપ-સ્મોલકેપ ઇન્ડેક્સ તુટ્યા

મુંબઈ, તા. ૨

જુદા જુદા પરિબળોની અસર હેઠળ આજે સેંસેક્સ કારોબારના અંતે ૮૪૦ પોઈન્ટ ઘટીને ૩૫૦૬૬ની સપાટીએ રહ્યો હતો જ્યારે નિફ્ટી ૨૫૬ પોઈન્ટ ઘટીને ૧૦૭૬૦ની સપાટીએ રહ્યો હતો. બજારમાં કોહરામ વચ્ચે નીચે મુજબની સ્થિતિ રહી હતી.

- સેંસેક્સ ૮૪૦ પોઇન્ટ તુટીને ૩૫૦૬૬ની સપાટીએ
- નિફ્ટી ૨૫૬ પોઇન્ટ ઘટીને ૧૦૭૬૦ની સપાટીએ
- બીએસઈ મિડકેપ ઇન્ડેક્સ ૪ ટકા ઘટી ૧૬૭૭૫ની સપાટીએ
- નિફ્ટી મિડકેપ ૧૦૦ ઇન્ડેક્સ ૪.૩ ટકા ઘટી ૧૯૭૬૦ની સપાટીએ
- બીએસઈ સ્મોલકેપ ઇન્ડેક્સ ૪.૭ ટકા ઘટી ૧૭૮૫૦ની સપાટીએ
- નિફ્ટી સ્મોલકેપ ઇન્ડેક્સ ૬ ટકા ઘટી ૮૨૫૧ની સપાટીએ
- મારુતિ સુઝુકી સહિત અનેક શેરોમાં ૭ ટકા સુધીનો ઘટાડો
- મિડકેપ શેરોમાં ૧૧ ટકા સુધીનો ઘટાડો
- સ્મોલકેપ શેરમાં ૨૪ ટકા સુધીનો ઘટાડો

## કર્ણાટકમાં ૨૦૨૨ ગામમાં કોઈ ગ્રેજ્યુએટ વ્યક્તિ નથી

ધારવાડ,તા. ૨

કર્ણાટક સરકારે ચોંકાવનારા આંકડા રજૂ કર્યા બાદ તેની પોતાની ઉંઘ હરામ થઈ ગઈ છે. આંકડા દર્શાવે છે કે રાજ્યમાં ૨૦૨૨ એવા ગામ છે જ્યાં એક પણ ગ્રેજ્યુએટ નથી. કર્ણાટકમાં કુલ ૩૦૦૦૦ ગામો છે. આમાથી ૨૦૦૦થી વધુ ગામો એવા છે જ્યાં એક પણ ગ્રેજ્યુએટ નથી. આ બાબત રાજ્ય માટે ચિંતાજનક બાબત છે. સ્વતંત્રતા બાદ સર્વ સાક્ષરતા અભિયાન મારફતે ગ્રામીણ શિક્ષાને ખુબ મહત્વ આપવામાં આવ્યું હતું. આ સ્કીમ હેઠળ ગ્રામીણ સાક્ષરતામાં વધારો થયો છે પરંતુ ગ્રેજ્યુએશનની બાબત હજુ પણ ગ્રામીણ વિસ્તારમાં રહેતા લોકો માટે મુશ્કેલરુપ બનેલી છે.



વિપક્ષની એકતા - યુપીએના ચેરપર્સન સોનિયા ગાંધીની અધ્યક્ષતામાં દેશના ૧૭ પક્ષોના વડાઓની યોજાયેલી બેઠકમાં સંસદમાં અને સંસદની બહાર રાષ્ટ્રીય મુદ્દા પર એકતા સાધવા નિર્ણય કરાયો હતો...

## આજે ભારત-ઓસ્ટ્રેલિયા વચ્ચે અન્ડર-૧૯ વિશ્વકપનો ફાઈનલ જંગ

**ચોથી વખત તાજ જીતીને નવો ઇતિહાસ રચવા ટીમ ઇન્ડિયા સજ્જ : જીતના અશ્વમેઘ ઉપર સવાર ભારતીય કોચ રાહુલ દ્રવિડના માર્ગદર્શનમાં પૃથ્વી શાના નેતૃત્વમાં ટીમ ઇન્ડિયા ફરી જોરદાર દેખાવ કરવા માટે સુસજ્જ**



માઉન્ટ,તા. ૨

કોચ રાહુલ દ્રવિડના નેતૃત્વમાં ભારતીય ટીમ આઈસીસી અન્ડર-૧૯ વિશ્વકપની ફાઈનલ મેચમાં આવતીકાલે ઓસ્ટ્રેલિયા સામે ટકરાશે. ભારતીય અન્ડર-૧૯ ટીમની નજર ચોથી વખત તાજ જીતીને ઈતિહાસ રચવાની રહેશે. ભારત અને ઓસ્ટ્રેલિયા અન્ડર-૧૯માં બે સૌથી સફળ ટીમો છે. બંને ટીમો ૩-૩ વખત ટ્રોફી જીતી ચુકી છે. દ્રવિડની યુવા બ્રિગેડ ફાઈનલ મેચમાં ટકરાશે ત્યારે તેમની પાસે રેકોર્ડ ચોથી વખત તાજ જીતીને ઓસ્ટ્રેલિયાને પાછળ છોડવાની તક રહેશે. ભારતીય ક્રિકેટ ટીમના ભાવિ સ્ટાર પૃથ્વી શા જો એમ કરી શકશે તો ભારતને અન્ડર-૧૯ તાજ જીતાડનાર મોહમ્મદ કૈફ ૨૦૦૨, વિરાટ કોહલી ૨૦૦૮, ઉનમુક્તચાંદ ૨૦૧૨ બાદ ચોથો ખેલાડી બની જશે. વર્તમાન ફોર્મને જોતા ભારતીય ક્રિકેટ ટીમ ફેવરિટ દેખાઈ રહી છે. ભારતે હજુ સુધી પાંચ મેચ જીતી છે જેમાં સેમિફાઈલનમાં

● અનુસંધાન પાન-૭ પર

# ખેડૂતોને ઉનાળુ પાક ન લેવા અનુરોધ

ગાંધીનગર, તા. ૨

રાજ્યના ખેડૂતોને ઉનાળુ પાક ન લેવા માટે મુખ્યમંત્રીશ્રી વિજય રૂપાણીએ મીડીયા સાથે વાતચીતમાં જણાવ્યું હતું. તેમણે ઉમેર્યું હતું કે, ૨૦ વર્ષમાં પહેલી વખત નર્મદાના ડેમમાં પર્યાપ્ત પાણીનો જથ્થો નહિ હોવાને કારણે આ વર્ષે ઉનાળામાં સિંચાઈ માટે પાણી ફાળવવાનું અશક્ય બનશે.

**ખેડૂતોને સિંચાઈ માટે નર્મદા કેનાલમાંથી પર્યાપ્ત પાણી આપવાનું અશક્ય હોવાથી ખેડૂતોને ઉનાળુ પાક ન લેવા અનુરોધ કર્યો હતો**

છેલ્લા ૧૫ દિવસથી નર્મદા ડેમમાં પાણીના મામલે અલગ-અલગ ક્ષેત્રોમાં ઉગ્ર રજૂઆતો થઈ રહી છે. ખાસ કરીને ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતના ખેડૂતો માટે સિંચાઈની સમસ્યા ઘેરી બનતી જાય છે. ત્યારે મુખ્યમંત્રીનો અનુરોધ ખેડૂતો માટે આઘાતજનક બન્યો છે. ઉત્તર ગુજરાતના અને સૌરાષ્ટ્રના ખેતીવાડીમાં સિંચાઈ આધારીત કૃષિના પગલે કૃષિ ક્ષેત્રમાં ભારે નુકસાનનો ભય સેવાય છે. આગામી દિવસોમાં પીવાના પાણીની સમસ્યા પણ સર્જાશે એવા ભણકારા વાગે છે.

ઉદ્યોગ ક્ષેત્રમાં ફળવાતા પાણીના જથ્થામાં કાપ મૂકવો જોઈએ અને ખેતીવાડીને વધુ ને વધુ પાણી ફાળવવા ખેડૂત સંગઠનો દ્વારા માંગ કરાઈ રહી છે.

## ટેક્સ સ્લેબમાં ફેરફાર વિના પણ મધ્યમ વર્ગને રાહતો અપાઈ છે

**છેલ્લા ૪-૫ બજેટને ધ્યાનમાં લેવામાં આવે તો જાણી શકાય છે કે હંમેશા જ નાના કરદાતાઓને રાહત : ટેક્સ વસુલી સૌથી મોટો પડકાર : અરુણ જેટલી**

નવીદિલ્હી, તા. ૨

નાણામંત્રી અરુણ જેટલીએ નાણાંકીય વર્ષ ૨૦૧૮-૧૯ના બજેટમાં મધ્યમ વર્ગને કોઈ રાહત ન આપવાના પ્રશ્નો ઉપર જવાબ આપતા આજે કહ્યું હતુ કે, તેઓએ જુદા જુદા તરીકાથી નાના કરદાતાઓને રાહત આપવાના પ્રયાસ કર્યા છે. જેટલીએ પોતાની અવધિમાં જુદી જુદી રાહતોનો ઉલ્લેખ કરતા કહ્યું હતું કે, આ જરૂરી નથી કે, મધ્યમ વર્ગના લોકોને રાહત આપવા માટે ટેક્સ સ્લેબમાં જ ફેરફાર કરવામાં આવે. તેમણે ઉમેર્યું હતું કે, નાના કરદાતાઓને ટેક્સની હદમાં લાવવા માટે ગયા વર્ષે ૨.૫ લાખથી પાંચ લાખ રૂપિયાના સ્લેબ ઉપર ટેક્સનો દર ૧૦ ટકાથી ઘટાડીને પાંચ ટકા કર્યો હતો. તેમણે કહ્યું હતું કે, પાંચ ટકાનો સ્લેબ દુનિયામાં માત્ર એક જ ભારતમાં છે. આ દુનિયામાં સૌથી ઓછો ટેક્સ સ્લેબ છે. જુદા જુદા મિડિયા પ્રતિનિધિઓ સાથેની મિટિંગમાં જેટલીએ કહ્યું હતું કે, અમે ૫૦, ૬૦, ૭૦ હજાર રૂપિયા આવકવાળા નાના કરદાતાઓને રાહત આપવા માટે જુદા જુદા તરીકે અપનાવ્યા છે. પરોક્ષરીતે અમે તેમના ખિસ્સામાં વધુ નાણાં ઉમેરવાના પ્રયાસ કરી રહ્યા છે. નાના કરદાતાઓને માત્ર ટેક્સ સ્લેબમાં ફેરફાર કરીને જ રાહત આપી શકાય તેમ નથી.








